અધિક પોલીસ કમિશનરશ્રીની કચેરી,
વિશેષ શાખા, શાહીબાગ, અમદાવાદ શહેર.

તા. ૨૮/૦૮/૨૦૨૬

પ્રેસ નોટ

અમદાવાદ શહેરમાં આગામી તા.૧૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધી ગણેશ મહોત્સવની ઉજવણી થનાર છે.

ગણેશ મૂર્તિની સ્થાપના માટે પરમિટ સ્થાનિક પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. તેમજ સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવા માટેની પરમિટ પણ જે-તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. જે દિવસે ગણેશ સ્થાપના માટેની પરમિટ મેળવવા માટે પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવે તે જ વખતે અરજદારે ગણેશ વિસર્જન માટે સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે.

ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા/સરઘસ કાઢવા માટેનો રૂટ જો એક જ ઝોન વિસ્તારમાં હોય તો જે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગણેશ સ્થાપના થયેલ છે તે પોલીસ સ્ટેશનમાંથી વિસર્જન સરઘસ માટેની પરમિટ આપવામાં આવશે.

જો ગણેશ વિસર્જન શોભાયાત્રા/સરઘસ એક કરતા વધારે ઝોન વિસ્તારમાંથી પસાર થનાર હોય તો સરઘસ અંગેની પરમિટ પોલીસ કમિશનરશ્રીની કચેરી, વિશેષશાખા તરફથી આપવામાં આવશે.

ગણેશ સ્થાપના તથા વિસર્જનની પરમિટ મેળવવા આયોજકો જ્યારે પોલીસ સ્ટેશને જાય ત્યારે આયોજકો તથા આયોજક મંડળના તમામ સભ્યોના નામ-સરનામાં તથા મોબાઈલ નંબર આપવાના રહેશે. ઉપરાંત ગણેશ વિસર્જન કઈ તારીખે તથા કયા સ્થળે કરવામાં આવનાર છે તેની વિગત તથા સરઘસના રૂટની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે.

પી.ઓ.પી.ની મૂર્તિ તથા કૃત્રિમ રંગોના ઉપયોગ કરવામાં આવેલ મૂર્તિઓને નદી/તળાવમાં વિસર્જન કરવાથી પર્યાવરણને નુકશાન થાય છે અને આ મૂર્તિ ખંડિત અવસ્થામાં ઘણા સમય સુધી પડી રહેવાથી ધાર્મિક લાગણી પણ દુભાય છે. જેથી પર્યાવરણની જાળવણી માટે સહભાગી બનવા ગણેશજીની માટીની મૂર્તિની સ્થાપના કરવા અને સ્થાપના સ્થળે જ આ માટીની મૂર્તિનું **"સ્થળ વિસર્જન"** કરવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

(રાજન સુશ્રા)
અધિક પોલીસ કમિશનર
વિશેષ શાખા, અમદાવાદ શહેર.